## <u>મુદ્દા નં. ૬</u>
## <u>ઝીંગા ઉછેર / મત્સ્ય ઉદ્યોગ માટે જમીનની માંગણી બાબત</u>

| | | | |
|---|---|---|---|
| ૧. | જોગવાઈ | : સરકારશ્રીના મહેસુલ વિભાગના ઠરાવ નં. જમન/૩૯૯૩/૩૦૩૧/જ તા.૨૨.૧૨.૯૪ તથા તા.૨૯.૭.૯૮ની જોગવાઈ મુજબ | |
| ૨. | અરજી કોને કરવી | : જિલ્લા કલેકટરશ્રીને, પરિશિષ્ટ–૧/૬ મુજબ | |
| ૩. | નિકાલ માટેના સત્તાધિકારી | : સરકારશ્રી | |
| ૪. | નિકાલની સમય મર્યાદા | : કલેકટરશ્રી | ૧૫ દિવસ |
| | | પ્રાંત અધિકારીશ્રી | ૧૫ દિવસ |
| | | મામલતદારશ્રી | ૩૦ દિવસ |
| | | ગ્રામ્યકક્ષાએ | ૩૦ દિવસ |
| | | કુલ... | ૯૦ દિવસ |

➢ અરજીમાં સંપુર્ણ વિગતો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી રીતે ભરવાની રહેશે. તેમજ અરજી સાથે માગ્યા મુજબના તમામ પુરાવાઓની પ્રમાણિત નકલ બીડવાની રહેશે. આ ઉપરાંત અરજી સાથે આપેલ ચેકલીસ્ટમાં તમામ મુદ્દાઓના જવાબ અવશ્ય આપવાના રહેશે. જો એક પણ વિગત અધુરી હશે કે પુરાવા રજુ કરેલ નહી હોય તો અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહી.

## અરજી સાથે નીચે મુજબના પુરાવાઓની પ્રમાણિત નકલો સામેલ કરવાની રહેશે.

૧ માંગણીવાળી જમીનનું સ્થળ સ્થિતિ દર્શાવતું પંચનામું અસલમાં (પરિશિષ્ટ–૨/૬ મુજબ)
૨ અરજદારનો સંબંધિત તલાટી રૂબરૂ આપવામાં આવેલ જવાબ અસલમાં (પરિશિષ્ટ–૩/૬ મુજબ)
૩ અરજદારની લેખિત કબુલાત/ બાંહેધરી અસલમાં (પરિશિષ્ટ–૪/૬ મુજબ)
૪ સંબંધિત ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ ઠરાવ (પરિશિષ્ટ–૫/૬ મુજબ)
૫ અરજદાર કંપની / પેઢી હોય તો તેના રજીસ્ટ્રેશનની પ્રમાણિત નકલ.
૬ કંપની/ પેઢી વતી અરજી કરી હોય તો અરજદારને અધિકૃત કર્યાનો પુરાવો અથવા કંપની/પેઢી હોય તો બોર્ડ ઓફ ડિરેકટરની સભામાં પસાર કરવામાં આવેલ ઠરાવની નકલ કંપનીના સીલ સાથે.
૭ આ જ હેતુ માટે અગાઉ જમીન આપેલ હોય તો તેના હુકમનો નંબર–તારીખ નકલ સાથે.
૮ માંગણીવાળી જમીનના ગામ.ન.નં ૭ / ૧૨ ના ઉતારાની નકલ.
૯ માંગણીવાળી જમીનના ગામ.ન.નં.૬(હક્કપત્રક) માં કરેલ તમામ ફેરફાર નોંધોની નકલ.
૧૦ માંગણીવાળી જમીન સંપાદન હેઠળ છે કે કેમ? (જમીન સંપાદન અધિકારીશ્રીનું ના વાંધા પ્રમાણપત્ર)
૧૧ અરજદારે તાલીમ મેળવેલ હોય તો તેના પ્રમાણપત્રની નકલ.
૧૨ ચાલુ નાણાંકીય વર્ષની વાર્ષીક આવક અંગેના આધાર/પુરાવા (દા.ત.ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કર્યા અંગેના પુરાવા,કંપની–પેઢીના છેલ્લા ૩ વર્ષના વાર્ષિક હિસાબો, છેલ્લા ૩ વર્ષના વાર્ષિક હિસાબો ઓડીટ થવા અંગેના ઓડીટ રીપોર્ટ)
૧૩ વાર્ષિક સધ્ધરતા અંગેના આધાર પુરાવા (બેંક તરફથી આપેલ ગેરંટી પત્રની નકલ / અન્ય કોઈ સ્થાવર મિલ્કત / જંગમ મિલ્કત ધારણ કર્તા હોય તો તેના આધારભુત પુરાવા બેંક સ્ટેટમેન્ટ / પાસબુકની નકલ / અન્ય કોઈ ફીકસ ડિપોઝીટ ધરાવતા હોય તો તેની વિગતો)
૧૪ મત્સ્ય ઉધોગ ખાતાના ઉમરગાવ તાલીમ કેન્દ્ર ખાતે મેળવેલ તાલીમ અંગેના પુરાવા.
૧૫ મત્સ્ય ઉધોગ કમિશ્નરશ્રી દ્વારા આપવામાં આવેલા "ના વાંધા પ્રમાણપત્ર / અભિપ્રાય"
૧૬ માંગણીવાળી જમીન દરીયા કિનારે આવેલ હોય તો સંબંધિત પોર્ટઓથોરીટીના કાર્યક્ષેત્રમાં અથવા તો તેની નજીક હોય તો સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપેલ "ના વાંધા પ્રમાણપત્ર / અભિપ્રાયની નકલ"
૧૭ માંગણીવાળી જમીનની સ્થળસ્થિતિ દર્શાવતો નકશો.(તલાટી / સર્કલ ઓફિસરના સહી /સિકકો સાથે)
૧૮ માંગણી બાબતે તૈયાર કરવામાં આવેલ પ્રોજેકટ રીપોર્ટની નકલ.
૧૯ વ્યકિતગત કિસ્સામાં અરજી ઉપર અરજદારનો ફોટોગ્રાફ
૨૦ કંપની/પેઢી ના કિસ્સામાં અરજી ઉપર કંપની/પેઢીનું નામ તથા સીલનો સિક્કો મારવો.

બાર–કોડ

## પરિશિષ્ટ:–૧/૬
## ઝીંગા ઉછેર/મત્સ્ય ઉદ્યોગ માટે જમીન માંગણી અંગેનું અરજી પત્રક

નામ : ............................
સરનામું : ............................
............................
તારીખ : ............................

પ્રતિ,
કલેકટરશ્રી,
કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી

**વિષય : ઝીંગા ઉછેર/મત્સ્ય ઉદ્યોગ માટે જમીન મળવા અંગે**
મોજે.................... તાલુકો ................. સર્વે નંબર / બ્લોક નંબર.........

ઉપરોકત વિષય પરત્વે સવિનય વિનંતી કે, ઉપર દર્શાવેલ જમીનોમાં અમો ઝીંગાઉછેર / મત્સ્ય ઉદ્યોગ કરવા માંગીએ છીએ. તો અમાને સરકારશ્રીના નિયમો મુજબ સદરહુ જમીનો આપવા નમ્ર વિનંતી છે. આ સાથે અમારી માંગણીના સંદર્ભમાં નીચે જણાવ્યા મુજબની માહિતી રજુ કરીએ છીએ.

૧. અરજદારનું નામ :–

૨. સરનામું :–

૩. અરજદારની કંપની અથવા પેઢી હોય તો
(અ) કંપની અથવા પેઢીનું નામ :–

(બ) કંપની /પેઢીના મુખ્ય વહીવટ કર્તાનું નામ :–

(ક) કંપની / પેઢીનું સરનામું :–

(ડ) કંપની / પેઢીનો રજીસ્ટ્રેશન નંબર /તારીખ :–

૪. અરજદાર/સંસ્થાને અગાઉ જમીન આપવામાં આવેલ છે? જો હા તો, :–

(અ) સક્ષમ અધિકારીશ્રીના હુકમ નંબર/તારીખ :–

(બ) જમીનની વિગત. :– ગામનું નામ સર્વે/બ્લોકનંબર ક્ષેત્રફળ

(ક) કયા સમય દરમ્યાન કેટલા સમય માટે આપવામાં આવેલ હતી તેની વિગત :–

૫. સદરહુ અરજીથી કરવામાં આવેલ માંગણીવાળી જમીનની વિગત :– ગામનું નામ સર્વે/બ્લોકનંબર ક્ષેત્રફળ

૬. અરજદારે કયા હેતુ માટે જમીનની માંગણી કરી છે? :–

૭. જો કોઈ તાલીમ મેળવેલ છે? જો હા તો :–

(અ) કઈ સંસ્થામાં તાલીમ મેળવેલ છે? તેની વિગત :–

(બ) તાલીમનો સમય ગાળો :–

(ક) જે સંસ્થામાંથી તાલીમ મેળવેલ હોય તેના પ્રમાણપત્ર ની તારીખ/નંબરની વિગત :–

૮. અરજદારના હાલના વ્યવસાયની વિગત :–

૯. અરજદારની ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાનની વાર્ષિક આવક. :–

૧૦. સદરહુ હેતુ માટે જમીન મેળવ્યા બાદ કેટલી વ્યકિતઓને રોજગારી આપવામાં આવશે? :–

૧૧. સરકારશ્રી દ્વારા જે કાંઈ ભાડુ નકકી કરવામાં આવે તે નિયમિત ભરવા સંમત છો? :–

૧૨. સરકારશ્રી દ્વારા નકકી કરવામાં આવેલ નિયત શરતોનું પાલન કરવા સંમત છો? :–

૧૩. અન્ય કોઈ માહીતી હોય તો તે :–

ઉપર્યુકત વિગતો ધ્યાને લઈ અમારી માંગણી મુજબ જમીન ફાળવી આપવા વિનંતી છે.

સ્થળ :
તારીખ :

...............................................
અરજદાર /કંપની / પેઢીના મુખ્ય
વહીવટકર્તાની સહી /નામ / સિકકો

**:–એકરારઃ–**

અમો અરજદાર અમારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપૂર્વક એકરાર કરી આથી જણાવીએ છીએ કે, ઉપર અરજીમાં જણાવેલ તમામ વિગતો/ હકીકત અમારી જાણ તેમજ માનવા મુજબ ખરી અને બરાબર છે. જો અરજીમાં જણાવેલ હકીકત ખોટી જણાય કે અમોએ જાણી બુઝીને ખોટી હકીકત / વિગત રજુ કરેલ હોવાનું ધ્યાને આવે તો ખોટા દસ્તાવેજો રજુ કરવા બદલ અમારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાશે. તેમજ ખોટી હકીકત રજુ કરવી તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.

સ્થળ :
તારીખ :

...............................................
અરજદાર / કંપની / પેઢીના મુખ્ય
વહીવટકર્તાની સહી / નામ / સિકકો

<u>નોંધ......</u>

- **સદરહુ અરજી કંપની અથવા પેઢી તરફથી કરવામાં આવતી હોય તેવા કિસ્સામાં અરજી ઉપર કંપની / પેઢી નું નામ તથા સીલનો સિકકો મારવાનો રહેશે.**
- **વ્યકિતગત કિસ્સામાં અરજી ઉપર અરજદારનો ફોટોગ્રાફ લગાવવાનો રહેશે.**

## <u>પરિશિષ્ટ:–૨/૬</u>
## <u>સ્થળ સ્થિતિ અંગેનું પંચનામું</u>

| અ.નં. | નામ | ઉ.વ. | ધંધો | રહેવાસી |
|---|---|---|---|---|
| ૧. | | | | |
| ૨. | | | | |

ઉપર મુજબનો અમો બંને પંચો આજરોજ તલાટી કમ મંત્રી / સર્કલ ઓફિસર .................રૂબરૂ હાજર થઈ પુછવાથી લખાવીએ છીએ કે, મોજે ................ તા.............. ના સર્વેનંબર / બ્લોકનં. .............ક્ષેત્રફળ ...............વાળી જમીનની હાલની સ્થળ સ્થિતિ નીચે જણાવ્યા મુજબની છે.

માંગણીવાળી જમીનની ચતુ: સીમા નીચે પ્રમાણે છે.
પૂર્વે :
પશ્ચિમે :
ઉત્તરે :
દક્ષિણે :

૧. પ્રશ્નવાળી જમીન હાલ સ્થળે ખુલ્લી છે /કોઈ વાવેતર છે /નથી.
૨. પ્રશ્નવાળી જમીનમાં કોઈ ઝાડ આવેલ નથી/................ઝાડ આવેલ છે.
૩. પશ્નવાળી જમીનમાં કોઈ બાંધકામ થયેલ નથી/ છે.
૪. પ્રશ્નવાળી જમીનમાંથી ઓ.એન.જી.સી.ની પાઈપ લાઈન પસાર થતી નથી. /...........મીટરના અંતરે આવેલ છે.
૫. પ્રશ્નવાળી જમીનમાંથી ઈલિકટ્રીક લાઈન પસાર થતી નથી/આશરે ..............મીટરના અંતરે ................છેડેથી પસાર થાય છે. જે બાંધકામ માટે નડતરરૂપ નથી/ છે.
૬. પ્રશ્નવાળી જમીનમાંથી ટેલીફોન લાઈન પસાર થતી નથી/............................મીટરના અંતરે પસાર થાય છે.
૭. પ્રશ્નવાળી જમીન નજીક સ્મશાન આવેલ નથી/જમીનથી આશરે ................મીટર જેટલું દુર આવેલ છે.
૮. પ્રશ્નવાળી જમીન નજીક રક્ષિત સ્મારક આવેલ નથી.
૯. પ્રશ્નવાળી જમીન નજીક વન વિસ્તાર આવેલ નથી.
૧૦. પ્રશ્નવાળી જમીનથી આશરે ...........મીટર દુર ..............નામનું તળાવ આવેલ છે. /જમીનની નજીક તળાવ આવેલ નથી.
૧૧. પ્રશ્નવાળી જમીન પીયત થતી નથી.

ઉપર મુજબનું પંચનામું અમો પંચોના લખાવ્યા મુજબ બરાબર અને ખં છે. જે વાંચી સમજીને અમોએ નીચે સહીઓ કરેલ છે. ખોટો જવાબ લખાવવો તે ફોજદારી ગુન્હો છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.

સ્થળ : ૧. ..............................

તારીખ : ૨. ..............................

મારી રૂબરૂ

................................

તલાટી કમ મંત્રીશ્રીની સહી /નામ / સિકકો

ઉપરોકત પંચનામામાં જણાવેલ વિગતોની મે જાતે સ્થળ ઉપર ચકાસણી કરેલ છે. જે બરાબર માલુમ પડેલ છે.

..............................................

સર્કલ ઓફીસર સહી / નામ/ સિકકો

| તાજેતરનો પાસપોર્ટ |
|---|

# પરિશિષ્ટ:૩/૬
# અરજદારનો રૂબરૂ જવાબ

આથી હું નીચે સહી કરનાર શ્રી .............................. ઉ.આ.વ. .....................
ધંધો..................રહેવાસી..................................................................................આજરોજ રૂબરૂ હાજર થઈ પુછવાથી લખાવુ છું કે,

અમોએ નીચે જણાવેલ વિગતેની જમીન ઝીંગા ઉછેર/મત્સ્ય ઉધોગ કરવા માટેની માંગણી કરેલ છે. અમારી માંગણી મુજબની જમીન અમોને સરકારશ્રીના નિયમો મુજબ ભાડાપટ્ટે આપવામાં આવશે તો અમો તેમાં અરજીમાં જણાવેલ વિગત તૈયાર કરેલ પ્રોજેકટ રીપોર્ટ મુજબ વ્યવસાય તુરત જ શ કરીશું અને અમારા આ પ્રોજેકટથી ગ્રામજનોને અંદાજીત...............ઈસમોને રોજગારી આપીશું.

૧. ગામનું નામ ...

૨. સર્વે/બ્લોકનંબર ...

૩. જમીનનું ક્ષેત્રફળ ...

૪. જમીનનો સત્તાપ્રકાર ...

અમોને ઉકત માંગણીવાળી જમીન ભાઠાપટ્ટે આપવાનું સરકારીશ્રી દ્વારા નકકી કરવામાં આવશે તો સરકારશ્રી દ્વારા જે કાંઈ શરતો / બોલીઓ નકકી કરવામાં આવશે તે તમામ શરતોનું અમો પાલન કરીશું તેમજ જે કોઈ ભાડાની રકમ નકકી કરવામાં આવશે તે નિયમિત અમો ભરપાઈ કરીશું. અમો આ પ્રોજેકટ શ કરવા અંગે નીચે મુજબનું આયોજન કરેલ છે. તેમજ તે અંગેના ભંડોળ વિગેરે અમારી પાસે ઉપલબ્ધ છે.

પ્રોજેકટ શ કરવા માટે કરવામાં આવેલ આયોજનની વિગત નીચે મુજબ છે.

ઉપર મુજબનો જવાબ મારા લખાવ્યા મુજબ બરાબર અને ખરો છે. જે મે વાંચી/સાંભળી સમજી વિચારીને નીચે સહી / અંગુઠાનું નિશાન કરેલ છે. ખોટો જવાબ લખાવવો તે ફોજદારી ગુન્હો બને છે. તે હકિકતની મને જાણ છે.

સ્થળ :
તારીખ :

........................................................
અરજદાર/ કંપની/ પેઢીનામુખ્ય
વહીવટકર્તાની સહી /નામ /સિકકો

મારી રૂબરૂ......................................................
તલાટી કમ મંત્રીશ્રીની સહી/નામ/સિકકો

**નોંધ:** અરજદારનો ફોટો સંબંધિત તલાટી કમ મંત્રી /સર્કલ ઓફિસર દ્વારા અવશ્ય પ્રમાણિત કરવાનો રહેશે.

## પરિશિષ્ટ:–૪/૬
## અરજદાર/ સંસ્થાની લેખિત કબુલાત / બાંહેધરી પત્ર

| પાસ પોર્ટ |
|---|

(સદરહુ કબુલાત રૂા. ૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર પબ્લીક નોટરી/મેજીસ્ટ્રેટ રૂબરૂમાં કરવાની રહેશે.)

આથી અમો નીચે સહી કરનાર શ્રી ..................................................................
ઉ.વર્ષ...........ધંધો...........રહેવાસી.......................................................................
તે અમો અમારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞા લઈ સદરહુ બાંહેધરી/કબુલાત કરી આપીએ છીએ. કે,મોજે....................તાલુકો...............નાસર્વે/બ્લોકનં..........ક્ષેત્રફળ..............સત્તાપ્રકાર..... ............ની જમીનો અમો ઝીંગા ઉછેર/મત્સ્ય ઉધોગનો વ્યવસાય શરૂ કરવા માટે માંગણી કરેલ છે. અમારી માંગણી સંદર્ભે સરકારશ્રી/ જિલ્લા કલેકટરશ્રી દ્વારા જે કાંઈ ભાડાની રકમ નકકી કરવામાં આવે તે ભાડાની રકમ અમો ભરવા સંમત છીએ. અને નિયમિત ભરવાની બાંહેધરી આપીએ છીએ આ ઉપરાંત સરકારશ્રી/ જિલ્લા કલેકટરશ્રી જે કાંઈ શરતો/નિયમો ઠરાવશે તે તમામ અમોને બંધનકર્તા રહેશે. તેમજ સરકારશ્રી દ્વારા ભવિષ્યમાં વખતો વખત જે કાંઈ નીતી નિયમોમાં ફેરફાર કરવામાં આવશે તે તમામ નીતી નિયમોનું પાલન કરવા અમો સંમત છીએ. ઉપરોકત બાંહેધરી પત્રમાં હકીકતનો અમલ કરવામાં ચૂક થયેથી અમારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તો અમોને કોઈ વાંધો કે હરકત સરખું નથી.

સ્થળ :
તારીખ :

.......................................
અરજદાર / કંપની/ પેઢીના મુખ્ય
વહીવટકર્તાની સહી / નામ/ સિકકો

મારી રૂબરૂ

...........................

નોટરી/મેજીસ્ટ્રેટ
(નામ /હોદ્દો/ સહી/ સિકકો)

# <u>પરિશિષ્ટઃ–૫/૬</u>
# <u>ઝીંગા / મત્સ્ય ઉધોગ માટે જમીનની માંગણી બાબતે સ્થાનિક ગ્રામ પંચાયતનો સંમતિ ઠરાવ</u>

ઠરાવ નંબર................ તારીખ .................

..............................................................અરજદાર/કંપનીએ મોજે............................... તાલુકો...............ના સર્વે/બ્લોકનંબર ................ની ................ચો.મી. ક્ષેત્રફળવાળી જમીન ઝીંગા ઉછેર/મત્સ્ય ઉધોગ માટે ................વર્ષ માટે ભાડાપટ્ટે મળવા માંગણી કરી છે. તેઓને માંગણીવાળી જમીન ઉપરોકત હેતુ માટે સરકારીશ્રી દ્વારા ભાડાપટ્ટે આપવામાં આવે તેમાં ગ્રામપંચાયતને કોઈ વાંધો વિરોધ નથી તથા પંચાયતની આ બાબતે સંમતિ છે. તે મુજબ ઠરાવ કરવામાં આવે છે.

અસલ ઠરાવબુક ઉપરથી નકલ કરી, પ્રમાણિત કરવામાં આવેલ છે.

.....................................
તલાટીની સહી/ નામ / સિકકો

કલેકટર કચેરી

## ચેકલીસ્ટ(મુદ્દાનં.૬)
## ઝીંગા / મત્સ્ય ઉધોગ માટે જમીનની માંગણી બાબત

(અરજદાર અરજી સાથે રજુ કરવાનું રહેશે.)

| અ. નં. | વિગત | હા/ના/ લાગુપડતું નથી | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | અરજીપત્રક (પરિશિષ્ટ–૧/૬) | | |
| ૨ | નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવેલ છે? | | |
| ૩ | સ્થળ સ્થિતિ અંગેનું પંચનામું (પરિશિષ્ટ–૨/૬) | | |
| ૪ | અરજદારનો તલાટી રૂબરૂ જવાબ (પરિશિષ્ટ–૩/૬) | | |
| ૫ | અરજદારની લેખિત કબુલાત (પરિશિષ્ટ–૪/૬) | | |
| ૬ | ગ્રામ પંચાયત દ્વારા કરવામાં આવેલ ઠરાવની નકલ (પરિશિષ્ટ–૫/૬) | | |
| ૭ | અરજદાર કંપની / પેઢી હોય તો તેના રજીસ્ટ્રેશનની પ્રમાણિત નકલ | | |
| ૮ | કંપની / પેઢી વતી અરજી કરી હોય તો અરજદારનું અધિકૃત કર્યાનો પુરાવોઅથવા કંપની – પેઢીએ સામાન્ય સભામાં પસાર કરેલ ઠરાવની નકલ કંપનીના સીલ સાથે | | |
| ૯ | આજ હેતુ માટે અગાઉ જમીન આપેલ હોય તો તેના હુકમનો નંબર–તારીખ નકલ સાથે. | | |
| ૧૦ | માંગણીવાળી જમીનના ગામ.ન.નં ૭/ ૧૨ના ઉતારાની નકલ | | |
| ૧૧ | માંગણીવાળી જમીનના ગામ.ન.નં–૬ની તમામ ફેરફાર નોધોની નકલ | | |
| ૧૨ | માંગણીવાળી જમીન સંપાદન હેઠળ છે કે કેમ? જો હોય તો તે અંગેનો દાખલો | | |
| ૧૩ | અરજદારે તાલીમ મેળવેલ હોય તો તેના પ્રમાણપત્રની નકલ | | |
| ૧૪ | ચાલુ નાણાકીય વર્ષની વાર્ષિક આવક અંગેના આધાર/પુરાવા | | |
| ૧૫ | વાર્ષિક સધ્ધરતા અંગેના આધાર પુરાવા | | |
| ૧૬ | મત્સ્ય ઉધોગ ખાતાના ઉમરગાવ તાલીમ કેન્દ્ર ખાતે મેળવેલ તાલીમ અંગેના પુરાવા | | |
| ૧૭ | મત્સ્ય ઉધોગ કમિશ્નરશ્રી દ્વારા આપવામાં આવેલ ના વાંધાપ્રમાણપત્ર–અભિપ્રાય. | | |
| ૧૮ | માંગણીવાળી જમીન દરિયા કિનારે આવેલ હોય તો સંબંધિત પોર્ટ ઓથોરીટીના કાર્યક્ષેત્રમાં અથવા તો તેની નજીક હોય તો સક્ષમ અધિકારીશ્રી દ્વારા આપેલ ના વાંધા–પ્રમાણપત્ર/ અભિપ્રાયની નકલ. | | |

| | | | |
|---|---|---|---|
| ૧૯ | માંગણીવાળી જમીનની સ્થળ સ્થિતિ દર્શાવતો નકશો. | | |
| ૨૦ | માંગણી બાબતે તૈયાર કરવામાં આવેલ પ્રોજેકટ રીપોર્ટની નકલ | | |
| ૨૧ | વ્યકિતગત કિસ્સામાં અરજી ઉપર અરજદારનો ફોટોગ્રાફ | | |
| ૨૨ | કંપની/પેઢી ના કિસ્સામાં અરજી ઉપર કંપની/પેઢીનું નામ તથા સીલનો સિક્કો મારવો. | | |
| ૨૩ | બાર–કોડ સ્ટીકર લગાવેલ છે? | | |

સ્થળ :

.............................................................................

તારીખ : અરજદાર/ કંપની/ પેઢીના મુખ્ય વહીવટકર્તાની સહી /નામ /સિક્કો

**ખાસનોંધ : ચેકલીસ્ટના કોલમ નં.૩ માં "હા / ના અથવા લાગુ પડતું નથી" તેમ સ્પષ્ટ દર્શાવવું તથા સામેલ કરેલ પુરાવા કયા પાના નંબર ઉપર છે તે પણ દર્શાવવું. આ પૈકીના એકપણ મુદ્દાની પુર્તતા બાકી હશે તો અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**

અરજીપત્રક સ્વીકાર્યુ

.....................................................................

જનસેવા કેન્દ્ર ફરજ પરના
કર્મચારીની સહી/ નામ / સિક્કો/ તારીખ